**DATE: 09/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### એસઓજી-સ્થાનિક પોલીસ દ્વારા ઓપરેશન હાથ ધરાયું

# ચાઈનીઝ દોરી વેચતા વધુ ત્રણ વેપારીઓની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં ઉત્તરાયણ પર્વમાં ચાઈનીઝ દોરીનો ઉપયોગ બિલકુલ ન થાય તે માટે જિલ્લા પોલીસ દ્વારા ખાસ ઝૂબેશ શરૂ કરી ચાઈનીઝ દોરીનું વેચાણ કરનારા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઉત્તરાયણ પર્વમાં કેટલાંક લોકો ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરતાં હોઈ તેના કારણે માનવજીવ ગુમાવવાનો વારો આવતો હોય છે. જેના પગલે ભરૂચ પોલીસ દ્વારા ખાસ ઝૂંબેશ શરૂ કરી ચાઈનીઝ દોરીનું વેચાણ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરાઈ રહી છે. જેના ભાગરૂપે ભરૂચ એસઓજી તેમજ સ્થાનિક પોલીસે શહેરના વિવિધ વિસ્તારમાં ચેકિંગ હાથ ધરતાં શહેરના કલામંદિર જ્વેલર્સ પાસે ફુટપાથ પર ચાઈનીઝ દોરી વેચતાં ફુરકાન હાજી મહેબુબ શેખ (રહે. લીમડીચોક)ને ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી ચાઈનીઝ દોરીની 3 બોબીન જપ્ત કરી હતી. ઉપરાંત શહેરના દાંડિયાબજાર સુથિયાપુરા ખાતે રહેતો સ્નેહદિપ ઉર્ફે ભોલો પટે તેના રહેણાંક મકાનમાં ચાઈનીઝ દોરી રાખી વેચાણ કરતો હોઈ તેને પણ 4200ની મત્તાના 7 ચરખા ઝડપી પાડ્યો હતો. જ્યારે કસક ગુરૂદ્વારા પાસે ઝૂપડપટ્ટી પાસે રહેતા પપ્પુ પ્રવિણ વસાવા પાસેથી 6 હજારની મત્તાની ચાઈનીઝ દોરીની 24 બોબીન મળી આવી હતી.

**DATE: 09/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એલસીબીએ 7 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વરના અંસાર માર્કેટ પાસેથી ભંગાર સાથે 2 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના અંસાર માર્કેટ પાસે થી ભરૂચ એલસીબી પોલીસે એલ્યુમીનીયમ મશીનરી નો ભંગાર ભરેલા ટેમ્પા સાથે બે ઈસમને ઝડપી પાડ્યા હતા.2140 કિલો ભંગાર અને ટેમ્પો મળી રૂપિયા 7 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન એલ્યુમીનીયમ મશીનરી નો ભંગાર ભરી એક ટેમ્પો અંસાર માર્કેટ માં કમાલખાન ના ગોડાઉન માં આવનાર હોવાની મળેલી માહિતી ના આધારે એલસીબી પોલીસે અંસાર માર્કેટ નજીક વોચ ગોઠવી હતી. દરમ્યાન ટેમ્પો આવતા તેને રોકી તલાસી લેતા અંદર થી એલ્યુમીનીયમ મશીનરી નો ભંગાર મળી આવ્યો હતો ,એલસીબી પોલીસે ટેમ્પા ના ચાલક મોહમ્મદ આમીર મોહમ્મદ શાકિર સિદીકી અને ટેમ્પા સવાર અબ્દુલ અઝીઝ સાકીર અલી ચોધરી એ એલ્યુમિનિયમ મશીનરી ના ભંગાર ના જથ્થા અંગે બિલ સહિતના આધાર પુરાવા માંગતા તેઓ એ રજુ ન કરી ને સંતોષકારક જવાબ નથી આપતા બંને ની અટકાયત કરી રૂપિયા 4.06 લાખનો 2140 કિલોગ્રામ એલ્યુમીનીયમ મશીનરીના ભંગાર નો જથ્થો તેમજ 3 લાખ નો ટેમ્પો મળી કુલ રૂપિયા 7.06 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એલસીબી પોલીસે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બી ડિવિઝન પોલીસે કેસની વધુ તપાસ શરૂ કરી દીધી છે.

**DATE: 10/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### શિવગંગા ફ્લેટના પાર્કિંગમાં પોલીસનો દરોડો

# અંકલેશ્વરમાં દારૂ સાથે ભરૂચનો બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર ભાતવાડ રોડ પર આવેલ શિવ-ગંગા એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પાર્ક કરેલી ઈકો કારમાં સંતાડેલો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. સ્થળ પરથી ભરૂચના બુટલેગરને ઝડપી લેવાયો છે જ્યારે બે ફરાર હોવાથી તેમને વોન્ટેડ જાહેર કરાયાં છે.

અંકલેશ્વર શહેર પોલીસ મથક ના સર્વેલન્સ સ્કોર્ડ ના એ.એસ.આઈ કનકસિંહ હમીરસિંહ ને માહિતી મળી હતી કે, શિવ-ગંગા એપાર્ટમેન્ટ આગળ ઈકો કારમાં દારૂનો જથ્થો લઈ ભરૂચનો બુટલેગર આવ્યો છે. જે માહિતી આધારે પોલીસની ટીમેશિવ-ગંગા એપાર્ટમેન્ટ ના પાર્કિંગમાં સર્ચ કરતા ભરૂચના ભઠીયારવાડમાં રહેતો ઝુબેર રિયાઝ કુરેશી ઈકો લઈ ઉભો હતો.

પોલીસે ઈકો ગાડીમાં સર્ચ કરતા અંદરથી 180 એમ.એલ ની દારૂની160 બોટલ મળી આવી હતી પોલીસે 16 હજારનો દારૂ તથા ઈકો કાર મળી રૂ.3.28 હજાર રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ ઝુબેર કુરેશી ની ધરપકડ કરી હતી. જ્યારે ઈકો કાર નો ચાલક તેમજ શિવ ગંગા એપાર્ટમેન્ટ ખાતે રહેતો તૌફીક કુરેશી ફરાર થઇ જતાં વોન્ટેડ જાહેર કરાયાં છે.

**DATE: 10/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## ભરૂચ જિલ્લા પોલીસના ઉપક્રમે ઓમકારનાથ હોલ ખાતે સેમિનાર યોજાયો

# સાયબર ક્રાઈમથી બચવા માટે સતર્કતા રાખવી જરૂરી : એસપી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ અને ભરૂચ પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી તેમજ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સાયબર ક્રાઈમને લઈ લોકોમાં જનજાગૃતિ લાવવાના હેતુસર પંડિત ઓમકારનાથ હોલ ખાતે જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ "સાયબર ક્રાઈમ લોક જાગૃતતા અભિયાન અંતર્ગત સેમીનાર યોજાયો હતો. એસપી લીના પાટીલે પ્રાસંગિક ઉદબોધન આપતા જણાવ્યું હતું કે, ઈન્ટરનેટ થકી સમગ્ર વિશ્વના દેશો તથા લોકો માટે પણ પરસ્પર માહિતીનું આદાન પ્રદાન કરવા ખૂબ જ સહેલુ થઈ ગયું છે. આ પ્રકારની સવલતના કારણે માનવજીવન ધોરણ પણ ઉંચું આવ્યું છે. પરંતુ દરેક સગવડો માટે કહેવાય છે તેમ સિક્કાની જેમ બે પાસા હોય છે. સકારાત્મક અને નકારાત્મક પાસા. આ ક્ષેત્રમાં નકારાત્મ પાસા એવા સાયબર ક્રાઈમનો ઉદ્ભવ થયો છે. સાંપ્રત સમયમાં સાઈબરક્રાઈમથી બચવા માટે સર્તકતતા સાથે જાગૃતિ કેળવવાની જરૂર છે.



પંડિત ઓમકારનાથ હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સાયબર એક્સપર્ટ ડી.એન.પંચાલ, નારાયણ વિદ્યાવિહારના આચાર્ય મહેશ ઠાકર, કે.જી.એમ વિદ્યાલયના ઉપાસનાસિંહ સહિત વડોદરાથી વિશેષ સાયબર એક્સપર્ટ તેમજ મોટી સંખ્યામાં બાળકો હાજર રહ્યા હતા.

DATE: 10/01/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–01

# દેશીદારૂની ખેપ મારતાં બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, અરગામા ગામનો જગદીશ લક્ષ્મણ વસાવા તેના સાગરિત સાથે બાઇક પર દેશીદારૂની ખેપ મારવાનો છે. જેના પગલે તેમણે દેરોલ ચોકડી પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની બાઇક આવતાં તેમને રોકતાં જગદીશ વસાવા તેમજ તેનો સાગરિત અજય અર્જૂન વસાવા (રહે. પણિયાદરા)ને ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી 50 લીટર દેશીદારૂની 200 પોટલી તેમજ બાઇક જપ્ત કરી હતી. પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 10/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંકલેશ્વરમાં બે સ્થળેથી ચાઈનીઝ દોરી ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે ગડખોલ ગામ ના એઅપ્પા મંદિર પાસે સર્ચ કરતા જીમીલ પટેલ પાસેથી ચાઈનીઝ દોરીનું બોબીન મળી આવતાં તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા સિદ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા સાજન દેવીપૂજકે પોતાના ઘરમાં પ્રતિબંધિત દોરી વેચાણ કરવાના ઈરાદે સંતાડી રાખી હોવાની માહિતી આધારે ઘર માં સર્ચ હાથ ધર્યું હતું પોલીસે ઘરમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું એક બોબીન ઝડપી પાડ્યું હતું.

**DATE: 10/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પદમાવતી નગરમાં ચોરીનો બનાવ બન્યો હતો

# અંકલેશ્વરમાં સાઈલન્સર ચોરીમાં 2 આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના સારંગપુર ગામ ખાતે 2022 માં પદ્માવતી નગર વિસ્તાર માં થયેલ એક જ રાતમાં ઈકો ગાડી માંથી 3 સાઈલેન્સર ની ચોરી થઈ જવા પામી હતી. આ કેસમાં અગાઉ એલસીબી પોલીસની મદદ થી તેમજ અન્ય એક આરોપીને જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછ માં અન્ય આરોપીની નામ સામે આવ્યા હતા. જે નામ આધારે જીઆઈડીસી અને ધોળકા પોલીસે સંયુક્ત ઓપરેશનમાં ધોળકાની ઘાંચીની ચાલમાં રહેતાં મોહંમદ ઉર્ફે ગાડીલી હબીબ વોરા તથા ખલકપુરા ફળિયાના અસલમ શાહ દિવાનને ઝડપી પાડયાં છે. બંનેને અંકલેશ્વર લવાયાં છે.

**DATE: 10/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ભરૂચના શક્તિનાથ પાસે કારમાંથી રોકડા રૂ.35 લાખ સાથે એકની અટકાયત

**પારખેતની** વ્યક્તિએ આ નાણાં કપાસના હોવાનો ઘટસ્ફોટ કર્યો

**સંભવતઃ** હવાલા અંગે કાર, મોબાઇલ સાથે પકડાયેલા કેરિયરનું ક્રોસ વેરિફિકેશન



ભરૂચ : ભરૂચ જિલ્લામાં લાંબા સમય બાદ સંભવતઃ હવાલકાંડ સામે આવ્યું છે. ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે શહેરના શક્તિનાથ ખાતેથી પારખેતના વ્યક્તિને રોકડા 35 લાખ સાથે પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ SOGના રવીન્દ્રભાઈને મળેલી બાતમીના આધારે શહેરના શક્તિનાથ ખાતે વોચમાં ગોઠવાયો હતો. શક્તિનાથ સર્કલ ઉપર બાતમી મુજબની આઈ 20 કાર આવતા તેને અટકાવી તલાશી લેવામાં આવી હતી. કારમાંથી રોકડા 35 લાખ મળી આવ્યા હતા. પારખેતના કારચાલક દિલાવર મુસા ઉમરજી વોરા પટેલે આ નાણાં કપાસના હોવાની કબૂલાત વ્યક્ત કરી હતી. જો કે, નાણાં અંગે જરૂરી આધાર પુરાવા, બિલ રજૂ કરી નહીં શકતાં સીઆરપીસી 41 (1) ડી હેઠળ કાર્યવાહી કરાઈ છે. રોકડા રૂપિયા 35 લાખ, કાર અને મોબાઈલ મળી કુલ 40.05 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

પ્રાથમિક પૂછપરછમાં આ શખ્સે નાણાં કપાસના અને કડીથી મોકલાયા હોવાનું કહ્યું છે, જેમાં નાણાં મોકલનાર, અહીં કોણ મેળવનાર હતું અને આંગડિયા પેઢીની ભૂમિકા ચકાસાઈ રહી હોવાનું SOG PI એ.એ.ચૌધરીએ જણાવ્યું છે. સાથે જ સંભવત હવાલાનાં નાણાં અંગે જીએસટી અને ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટને પણ જાણ કરવામાં આવશે. જેથી આ બે વિભાગો પણ 35 લાખ રોકડાની તપાસમાં જોડાશે.

**DATE: 11/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વર GIDCમાંથી મિથેનોલનો જથ્થો ઝડપાયો, રૂ.14 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

**સુરતના** સાયરસ મહેતાએ પાનોલીની ઓમકાર કેમિકલ કંપનીના નામે હિમાંશુ મુકેશ ભગતવાલાએ મિથેનોલનો ઓર્ડર નોંધાવ્યો હોવાનું જણાવ્યું હતું

**પોલીસે** ઓમકાર કંપનીના માલિક હરેશ પરબત સોલિયા સહિત ૧૫ ઈસમ સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે



ભરૂચ: ભરૂચ એલસીબીએ અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત પાનોલીની ઓમકાર કંપનીના નામે મંગાવેલ ૪.૩૨ લાખનો મિથેનોલનો જથ્થો મળી કુલ રૂ. ૧૪.૩૭ લાખના મુદ્દામાલ સાથે ચાલકને ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.ની એશિયન પેઈન્ટ ચોકડી પાસે ટેન્કર નંબર-એમ.એચ.૪૬. બી.એમ.૩૫૯૮માં શંકાસ્પદ લીક્વીડનો જથ્થો હોવાનું એલસીબીના ધ્યાનમાં આવ્યું હતું આ ટેન્કર કોઈક કંપનીમાં ખાલી કરવાની ફિરાકમાં છે જેવી બાતમીના આધારે ભરૂચ એલસીબીએ દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરના ટેન્કરમાંથી ૨૪ હજાર લીટર મિથેનોલનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૪.૩૨ લાખનું મિથેનોલ અને ટેન્કર મળી કુલ ૧૪.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને મુંબઈના વાય.એલ.ટ્રાન્સપોર્ટ ખાતે રહેતો ટેન્કર ચાલક સુરજીતસિંગ રમેલસિંગને ઝડપી પાડ્યો હતો. ચાલકની પુછપરછ કરતા તે મિથેનોલનો જથ્થો રાયગઢની સુદર્શન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડમાંથી કમલાસિંગે અંકલેશ્વર પહોંચાડવાનું હોવાનું જણાવ્યું હતું.

જ્યારે આ અંગે પોલીસે વધુ પુછપરછ કરતા સુરતના સાયરસ મહેતાએ પાનોલીની ઓમકાર કેમિકલ કંપનીના નામે હિમાંશુ મુકેશ ભગતવાલાએ મિથેનોલનો ઓર્ડર નોંધાવ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઓમકાર કંપનીના માલિક હરેશ પરબત સોલિયા સહીત ૧૫ ઈસમો સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

**DATE: 11/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–05**

## અંકલેશ્વરમાં વિધવાને બદનામ કરતો હતો

# માતા-પુત્રીના ફોટા પર બીભત્સ લખાણ લખનારની ધરપકડ કરી

। અંકલેશ્વર ।

અંકલેશ્વરના એક ગામની વિધવા મહિલાને ૨ વર્ષથી મરજી વિરુદ્ધ તેનો પીછો કરનાર અને મહીલા અને તેની દિકરીના ફોટો પર બિભત્સ લખાણ લખી મહિલાની દિકરી-જમાઈ તથા પરીવારને વોટ્સએપ પર મોકલી બદલાના ઈરાદાથી બદનામ કરનાર સુરતના નરાધમ ઈસમને અંકલેશ્વર રૂરલ પોલીસે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે.

અંકલેશ્વરના એક ગામની વિધવા મહિલાને થોડા વર્ષ પહેલા આરોપી રામબાલક ભોલા ફગુનીદાસ યાદવ સાથે પરિચય થતાં બંન્ને વચ્ચે પ્રેમ સંબંધ થયો હતો. જોકે, ૨ વર્ષ પહેલા ૨૦૨૧માં વિધવા મહિલાએ રામબાલક ભોલા સાથે પ્રેમ સંબંધ તોડી નાખ્યો હતો. એક તરફી આંધળા પ્રેમમાં પડેલ ઈસમે વિધવા મહિલને તેની સાથે સંબંધ રાખવા દબાણ કરી તેનો પીછો કરતો હતો. તેમ છતાં વિધવા મહિલ ન માનતા નરાધમે વિધવા મહિલા અને તેની દિકરના ફોટો પર બિભત્સ લખાણ લખી તેને વોટ્સએપ મારફતે તેની દિકરી-જમાઈ તથા કુટુંબિજનોને મોકલી બદનામ કરતો હતો. જોકે, ફરીયાદમાં વિધવા મહિલાના જણાવ્યા અનુસાર, ૮-૧૦ મહિના પહેલા આરોપીએ ફરીયાદી મહિલાને એશિયન પેઈન્ટ ચોકડી નજીક સાડી ખેંચી મોટરસાઈકલ પર બેસી જવા જીદ કરી હતી, અને જો એવું ન કરે તો જાનથી મારીનાખવાની પણ ધમકી આપી હતી. ત્યારબાદ ફરી ગત તા. ૮ જાન્યુઆરી ૨૦૨૩ના વિધવા મહિલ અને તેની નાની દિકરીનો તેમની મરજી વિરુદ્ધ પીછો કરતા અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે મૂળ બિહારના અને હાલ સુરત ખાતે રહેતા રામબાલક ભોલા ફગુનીદાસ યાદવ વિરુદ્ધ ગુનો દાખલ કરાવતા પોલીસે ગણતરીના કલાકોમાં જ તેને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

**DATE: 11/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં વાહન ચાલકોની સલામતી માટે પોલીસે ગાર્ડ આપ્યાં



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.યુ. ગડરિયાના માર્ગદર્શન હેઠળ પ્રતિન ચોકડી ખાતે ટુ વ્હીલર ચાલકોને રોક્યા હતા. અને જેમનીગાડી પર સેફટીગાર્ડ ના હતા તેને તારો રૂપી સેફટી ગાર્ડ લગાવી આપ્યા હતા. આ ઉપરાંત વાહન ચાલકો ને માર્ગ પર ગાડી આગળ આવતી દોરી થી બચવા ગાડી ધીમી રફતાર સાથે, તેમજ ગળા મફલર કે રૂમાલ બાંધવા તેમજ ગાડી ધ્યાન થી ચલાવવામાં તાકીદ કરી હતી આ ઉપરાંત ચાઈનીઝ દોરી ના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ છે ત્યારે તેનો ઉપયોગ ના કરવા તાકીદ કરી હતી.

# ભરૂચમાં વ્યાજખોરો સામે એક જ દિવસમાં 4 ગુના, મહિલા સહિત 9 વ્યાજખોરનું વિષચક્ર પોલીસે તોડ્યું

**વ્યાજખોરોના** ભયથી પીડિતો-શોષીતો નિર્ભય બની ફરિયાદ કરે : SP ડો.લીના પાટીલ

ભરૂચ: ભરૂચ જિલ્લામાં પણ વ્યાજના વિષચક્રમાં ફસાયેલા લોકોને વ્યાજખોરોની ચુંગાલમાંથી બચાવવા જિલ્લા પોલીસ વડાં ડો.લીના પાટીલની આગેવાનીમાં કડક કાર્યવાહી શરૂ કરાઇ છે. એક જ દિવસમાં વ્યાજખોરીના 4 ગુના દાખલ કરી મહિલા સહિત 9 વ્યાજખોરની સામે કાર્યવાહી હાથ ધરાઈ છે. વ્યાજના વિષચક્ર અને વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા વધુ ને વધુ પીડિતો સામે આવી ફરિયાદ નોંધાવે એવી અપીલ કરી છે.

ભરૂચ જિલ્લા પોલીસે ભરૂચ C ડિવિઝનમાં 3 અને અંકલેશ્વર A ડિવિઝનમાં 1 મળીને 4 ગુનામાં ગેરકાયદે ઊંચા વ્યાજના દરે નાણાં ધિરાણ કરતા વ્યાજખોરો સામે ખાસ ઝુંબેશ હાથ ધરી 9 પૈકી 5 ઇસમને ઝડપી પાડી બળજબરીથી લીધેલી કાર સહિતનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. વ્યાજના બદલામાં બળજબરીથી લઈ લેવામાં આવેલી વરના ગાડી અને હિસાબની ડાયરીઓ, દુકાનના કાગળિયા કબજે કર્યાં છે. આ અંગે જિલ્લા પોલીસ વડાં ડો.લીના પાટીલે પત્રકાર પરિષદ યોજી હતી અને વ્યાજખોરો સામે ઝઝૂમતા લોકો આગળ આવી ફરિયાદ કરવા અપીલ કરી છે. અને પોલીસ ચોક્કસ કડક રહે કાર્યવાહી કરશે તેવી ખાતરી જિલ્લા પોલીસ વડાએ આપી છે. સાથે જ હજી ઘણા પીડિતો વ્યાજખોરોના આતંકથી ભયભીત થઈ ફરિયાદ નોંધાવી ન રહ્યા હોય તેઓ ફરિયાદ પેટી, 100 નંબર, પોલીસ કંટ્રોલ (02642)223303, જિલ્લા પોલીસને ઇ-મેઇલ સહિત અધિકારીઓને સીધો કોલ કરે એવું SPએ લોકોને સૂચન કર્યું છે.



## આ 9 વ્યાજખોર સામે કાર્યવાહી કરાઈ

- સંદીપ ભરતભાઇ કાયસ્થ
- નિકિતા સંદીપ કાયસ્થ (રહે.,શક્તિનગર, અંકલેશ્વર)
- મોસમ નિખિલ શાહ (રહે.,વડોદરા, હાલ ચાવજ)
- મયૂર રમણ પટેલ (રહે.,પરમ કોમ્પ્લેક્સ, ભરૂચ)
- દિલીપ સોમચંદ્ર જાદવ (રહે.,રામેશ્વર પાર્ક, ઝાડેશ્વર)
- દેવાંગ ઉર્ફે દેવ મહેતા (રહે.,જ્યોતિનગર, ભરૂચ)
- રાકેશ હરકિશનદાસ મોદી (રહે.,નારાયણ એસ્ટેટ, ભરૂચ)
- સુરેશ ભીખાભાઇ પરમાર (રહે.,રચનાનગર, ચાવજ)
- સતીષ ઉર્ફે સની દિનેશ ટેલર (રહે.,આકાંક્ષા નગરી, દહેજ બાયપાસ)

## પિતાના કેન્સર માટે વેપારીએ દોઢ લાખ લીધા અને 10 લાખની ઉઘરાણી થઈ

અંકલેશ્વરના છૂટક વેપારી આદિલભાઈએ પિતાના ગળાના કેન્સર માટે 1.55 લાખ હાંસોટ રોડ પર રહેતા કાયસ્થ દંપતી પાસેથી લીધા હતા. જેની સામે કોરા ચેક લખાવી લેવા સાથે બે લાખ ચૂકવ્યા છતાં બીજા 10 લાખની ઉઘરાણી કાઢી ત્રાસ અપાતો હતો. અંકલેશ્વર એ ડિવિઝને કાર્યવાહી હાથ ધરી છે.

## ભરૂચ તાલુકામાં વ્યાજના ચક્કરમાં ત્રણ ગુના દાખલ

ઝાડેશ્વરના તવા ફ્રાઈની હોટલ ચલાવતા જિતેન્દ્રભાઈએ કોરોના મહામારીમાં ધંધો ચલાવવા 4 વ્યાજખોર પાસે 4.50 લાખ લીધા હતા, જેમાં નાણાં કોરા ચેક ઉપર 60 લાખ ભરી રિટર્ન કરાવી કેસ કરાયો હતો. આ મામલે સી ડિવિઝને કાર્યવાહી કરી હતી. ચાવજના રિક્ષાચાલક અક્ષયભાઈએ બે વ્યાજખોર પાસે 3 લાખ લીધા હતા, જેમાં 15થી 20 ટકા વ્યાજ વસૂલાત સાથે તેઓના પરિવારનું જીવવાનું હરામ કરી દેવાયું હતું. ભરૂચ સી ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો છે. તવરા રોડ ઉપર પાનના દુકાનવાળા ગૌરાંગભાઈએ સતીષ ટેલર પાસેથી પહેલા ધંધા અને પછી જમીન લેવા 20 લાખ લીધા હતા. જેના બદલામાં તેમની દુકાન લખાવી લેવા સાથે તેમના ભાઈની કાર પણ વ્યાજખોર લઈ ગયો હતો.

**DATE: 12/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# અંકલેશ્વરમાં કરુણા અભિયાન અંતર્ગત રેલી કાઢવામાં આવી




ભરૂચ ।અંકલેશ્વરમાં કરુણા અભિયાન અંતર્ગત જન જાગૃતિ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વન વિભાગ, સર્વોદય હાઈસ્કૂલ અને જીઆઈડીસી પોલીસ અંકલેશ્વર સહિત વિવિધ સંસ્થાઓ અને શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.ઉતરાયણ પર્વ નિમિત્તે પક્ષીઓને હાની ન પહોંચે અને લોકોને જાગૃત કરવા માટે રેલી યોજવામાં આવી હતી. વિવિધ વિસ્તારોમાં ફરીને લોકોને પેમ્પલેટ વહેંચી પક્ષી બચાવો,ચાઈનીઝ દોરી નો ઉપયોગ ન કરવો સહિતનો સંદેશો આપવામાં આવ્યો હતો.

**DATE: 12/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વાહનચાલકોની સલામતી માટે 300 હેલ્મેટનું વિતરણ

# દરેક નાગરિકોએ ટ્રાફિકના નિયમોનું પાલન જરૂરી : SP



ભાસ્કર ન્યૂઝ|ભરૂચ

ભરૂચ જિલ્લામાં 17મી તારીખ સુધી લોકોમાં રોડ પર રાખવાની સાવચેતી અને નિયમો અંગે જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવાનો સૌથી મહત્વનો હેતુ માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુનો આંકડો ઘટાડવાનો છે. ટ્રાફિક નિયમોનુ પાલન કરી અને કરાવીને જીવન સુરક્ષીત બનાવવાની શપથ લેવાઈ હતી. જ્યારે આરએસપીએલ કંપની વતી 300 જેટલા હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તે સાથે બાઈક રેલી યોજવામાં આવી હતી.

ભરૂચ રેલવે સ્ટેશન ખાતે યોજાયેલાં કાર્યક્રમમાં એસપી લીના પાટીલે જણાવ્યું હતું કે, રાજ્યમાં માર્ગ અકસ્માતોમાં દર વર્ષે અનેક લોકો ગંભીર ઈજાગ્રસ્ત થાય છે અને કેટલાક લોકો જીવ ગુમાવે છે. જેનાથી તેમના પરિવારજનોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે જેથી નિયમોનું પાલન જરૂરી છે.

**DATE: 12/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલે. બાપુનગર ઝૂંપડપટ્ટીમાંથી જુગારી ઝડપાયાં

ભરૂચ । અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસની ટીમને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મહાવીર ટર્નીંગ પાસેના બાપુનગર ઝુપડપટ્ટી વિસ્તારમાં જુગાર રમાય રહ્યો છે. બી ડિવિઝન પોલીસે રેડ કરતા જુગાર રમતા તાડ ફળીયાના જાવેદ રફીક બેગ ,નવાબ બસીર પઠાણ અનેરચના નગરમાં રહેતા મોન્ટુ સિધ્ધેશ્વર પાસવાનને ઝડપી પાડયા હતા પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા 90 હજાર અને 6 હજાર બે નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 96 હજારનો મુદ્દામાલ કબ્જે કરી સોયેબ અને દીપક મરાઠી નામના બે જુગારી ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે . ફરાર થઈ ગયેલાં જુગારીયાઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરી દેવાયાં છે. સ્લમ એરિયામાં દારૂ તથા જુગારની બદી વધી હોવાની ફરિયાદો ઉઠી રહી છે તેથી પોલીસ ચેકિંગ જરૂરી બન્યું છે.

**DATE: 12/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં ચાઈનીઝ દોરી સાથે મહિલા ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસની ટીમને પેટ્રોલીંગ દરમિયાન શહેરના એસટી ડેપો સામે આવેલ જીન ફળીયામાં રહેતી લક્ષ્મી વસાવાએ પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચાણ કરવાના ઈરાદે સંતાડી રાખી હોવાની માહિતી મળી હતી. પોલીસે બાતમીના આધારે દરોડો પાડયો હતો જેમાં 5 હજારવારના 18 ફિરકા મળી આવ્યાં હતાં. પોલીસે 10 હજાર રૂપિયા ઉપરાંતનો મુદામાલ કબજે કરી લક્ષ્મી વસાવા વિરૂધ્ધ જાહેરનામાના ભંગ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજ્યમાં ચાઈનીઝ દોરીના કારણે લોકોના મૃત્યુ થતાં હોવાથી હાઈકોર્ટે પણ કડક રૂખ અપનાવ્યું છે.

**DATE: 13/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–12**

# અંકલેશ્વરમાં કારના સાયલેન્સરની ચોરીના ગુનામાં એકની ધરપકડ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના પદ્માવતી નગરમાંથી 3 ઇક્કો કારના સાયલેન્સર ચોરીના મામલામાં વધુ એક આરોપીને જીઆઈડીસી પોલીસે ધોળકાથી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ગત તારીખ ૨૮મી ઓક્ટોબરના રોજ અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં આવેલા પદ્માવતીનગરમાં રહેતા જિજ્ઞેશ મકવાણા, સંજય પ્રસાદ અને ભીમ પ્રજાપતિની ઇક્કો કારમાંથી 3 સાયલેન્સર મળી કુલ રૂપિયા 1.60 લાખના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઇ ગયા હતા. જો કે, આ ચોરી અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી અગાઉ 4 ઈસમને ઝડપી પાડ્યા હતા. ત્યારે આ ગુનામાં સંડોવાયેલા વધુ એક આરોપીને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે અમદાવાદના ધોળકાથી ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 13/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–12**

# ઝઘડિયાની કંપનીમાંથી ૫૩ ટનથી વધુ ઓવરલોડ માટી ભરેલી ટ્રક ઝડપાઈ



ઝઘડિયા: ઝઘડિયા જીઆઈડીસીની આસપાસમાં મોટા પાયે ગેરકાયદે માટીખનનની પ્રવૃત્તિ ચાલે છે. ભૂસ્તર વિભાગ પણ આ બાબતે આંખ આડા કાન કરતો હોય એમ સ્પષ્ટ જણાય છે. ઝઘડિયા જીઆઈડીસીમાં આવતા નવા પ્રોજેક્ટમાં પણ મોટા પાયે અનઅધિકૃત રીતે માટી નાંખવામાં આવતી હોવાની અનેકો ફરિયાદ ઊઠી છે. ગતરોજ ઝઘડિયા પોલીસે એક ઓવરલોડ માટી ભરેલું વાહન ઝડપી પાડ્યું છે. ઝઘડિયા પોલીસમથકના પોલીસ ઈન્સ્પેક્ટર વી.આર.ભરવાડે ઝઘડિયા-અંકલેશ્વર રોડ પર આવેલી કંપનીમાં ઓવરલોડ માટીના વાહન ચાલતાં હતાં, તે પૈકી એક ટ્રક તપાસતાં તેની કાંટા પરચીમાં ૫૩ ટન કરતાં વધુ માટી ભરેલી હોવાનું જણાયું હતું. ઝઘડિયા પોલીસે મોટર વ્હીકલ એક્ટ હેઠળ ઓવરલોડ માટી ભરેલી ટ્રક ડિટેઈન કરી કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલી ટ્રકમાં ભરેલી માટી બોરોસીલ કંપનીમાં નાંખવામાં આવતી હતી તેની રોયલ્ટી પાસ છે કે નહીં તેની પણ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ઉપરાંત ઝઘડિયા જીઆઈડીસીની આજુબાજુમાંથી પણ હજારો મેટ્રિક ટન માટી નવા આવતા ઉદ્યોગના પ્રોજેક્ટમાં ઠલવાય છે, તેની પણ ઝઘડિયા પોલીસ દ્વારા તપાસ કરવામાં આવે એ જરૂરી છે

**DATE: 13/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### લોકજાગૃતિ માટે એક સપ્તાહ વિવિધ કાર્યક્રમ યોજાશે

# ભરૂચ જિલ્લામાં ૩૩મા માર્ગ સલામતી સપ્તાહનું ઉદઘાટન



| ભરૂચ |

ભરૂચ જિલ્લા પોલીસ તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીના સંયુક્ત ઉપક્રમે ૩૩ માં માર્ગ સલામતી સપ્તાહનું આયોજન જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યુ હતુ. માર્ગ પર થતા અકસ્માતો અને મૃત્યુના કિસ્સાઓ નિવારવા અને લોકોને એ બાબતે જાગૃત કરવા માટે એક સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમો સાથે અભિયાન ચલાવવામાં આવશે.

માર્ગ સલામતી સપ્તાહ એટલે લોકોને વાહન ચલાવતી વખતે રાખવાની સુરક્ષા બાબતે જાગૃતિ ફેલાવવા માટેનો સપ્તાહ ૧૧ જાન્યુઆરીથી શહેરમાં માર્ગ સલામતીને લગતા જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવશે. ૧૧ થી ૧૭ જાન્યુઆરી દરમ્યાન આ સપ્તાહ અંતર્ગત લોકોમાં રોડ પર રાખવાની સાવચેતી અને નિયમો અંગે જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવાનો સૌથી મહત્વનો હેતુ માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુનો આંકડો ઘટાડવાનો છે.

**DATE: 13/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# પંડિત ઓમકારનાથ હોલ ખાતે સાઈબર ક્રાઈમ અને સુરક્ષા અંગે લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો



ભરૂચ જિલ્લા પોલીસ અને ભરૂચ પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી તેમજ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સાયબર ક્રાઈમને લઈ લોકોમાં જનજાગૃતિ લાવવાના હેતુસર પંડિત ઓમકારનાથ હોલ ખાતે જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ લોક જાગૃતતા અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. ભરૂચના પંડિત ઓમકારનાથ હોલ ખાતે જિલ્લા પોલીસવડા ડૉ.લીના પાટીલની અધ્યક્ષતામાં સાયબર ક્રાઈમ લોકજાગૃતિ અભિયાન હેઠળ કાર્યક્રમમાં ભરૂચ શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વડોદરાથી વિશેષ સાયબર એક્સપર્ટ પાસેથી સાયબર ક્રાઈમ અંગે જાણકારી મેળવી હતી. આ પ્રસંગે જિલ્લા પોલીસવડા ડૉ.લીના પાટીલે પ્રાસંગિક ઉદબોધન આપતા જણાવ્યુ હતુ કે, ઈન્ટરનેટ થકી સમગ્ર વિશ્વના દેશો તથા લોકો માટે પણ પરસ્પર માહિતીનું આદાન પ્રદાન કરવા ખુબ જ સહેલુ થઈ ગયુ છે. આ પ્રકારની સવલતના કારણે માનવજીવન ધોરણ પણ ઉંચુ આવ્યુ છે. પરંતુ દરેક સગવડો માટે કહેવાય છે તેમ સિક્કાની જેમ બે પાસા હોય છે. સકારાત્મક અને નકારાત્મક પાસા. આ ક્ષેત્રમાં નકારાત્મક પાસા એવા સાયબર ક્રાઈમનો ઉદભવ થયો છે. સાંપ્રત સમયમાં સાઈબર ક્રાઈમથી બચવા માટે સતર્કતા સાથે જાગૃતિ કેળવવાની જરૂર છે. આ ક્ષેત્રમાં **Do & Dont** સભાનતાઈથી પાલન કરીએ તો સાઈબર ક્રાઈમના શિકાર બનતા બચી શકાય છે. કાર્યક્રમમાં સાયબર એક્સપર્ટ ડી.એન.પંચાલત હાજર રહ્યા હતા.

**DATE: 13/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### એસઓજીએ શેરપુરા પાસે ઓપરેશન પાર પાડ્યું, એ ડિવિઝનમાં ફરિયાદ

# ભરૂચમાં નવા સળિયાના ટુકડાનો 30 હજાર કિલો ભંગાર ભરેલી ટ્રક ઝડપાઇ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજી પીઆઇ એ. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એસઓજીની ટીમ શહેરના વિવિધ વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. કોન્સ્ટેબલ તન્વીર મો.ફારૂકને મળેલી બાતમીના આધારે હેકો. શૈલેષ વસાવા, રવિન્દ્ર વસાવા, પોકો સુરેશ વણઝારા સહિતનાઓ શહેરના બાયપાસ રોડ પર શેરપુરા ગામ પાસે કડવા કોમ્પ્યુટરાઇઝ વે બ્રીજ પાસે વાહન ચેકિંગ શરૂ કર્યું હતું. દરમિયાનમાં એક અશોક લેલન્ડ ટ્રકને રોકી તપાસ કરતાં તેમાં લોખંડના સળીયાના નવા ટુકડા કાપી ભંગાર ભરેલો જણાયું હતું. ટીમે ટ્રકના ડ્રાઇવર ભેરૂલાલ લાધુલાલ ગુજ્જર (રહે. ભીલવાડા, રાજસ્થાન) ની પુછપરછ કરતાં તેની પાસેથી આરસીબુક કે માલિકી અંગે ખરીદ બીલ તેમજ કોઇ આધાર પુરાવા મળ્યાં ન હતાં. તેમજ તેની ટ્રકમાં ભરેલાં 10.16 લાખની મત્તાનો 30 હજાર કિલો ભંગારને લઇને કોઇ ચોક્કસ વિગતો નહીં આપતાં તેની સામે એ ડિવિઝન પોલીસ મથકે 41(1)ડી હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસે સળિયા ભરેલી ટ્રકને ઝડપી પાડી હતી

**DATE: 13/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# વિદેશીદારૂની બોટલો લઈને જતો તરૂણ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર ખાતે આવેલાં સાંઈ મંદિર પાસેથી વિદેશીદારૂ સાથે એક તરૂણ ઝડપાયો હતો. ભરૂચ સી ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે વેળાં સાંઈ મંદિર પાસેથી એક યુવાન શંકાસ્પદ રીતે જતો હોઈ ટીમે તેને રોકી પુછપરછ કરતાં તેનું નામ કરણ કાંતી રબારી (રહે. શિવમ રેસિડન્સી, ઝાડેશ્વર) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની પાસેથી કપડાનીથેલીમાં તપાસ કરતાં તેમાં વિદેશીદારૂની બે બોટલો મળી આવી હતી. ટીમે તેના વિરૂદ્ધમાં પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી તે દારૂ ક્યાંથી અને કોના માટે લઈ જઈ રહ્યો હતો. તેની તપાસ શરૂ કરી છે.

**DATE: 13/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પાલેજમાં વડોદરાના રેંજ આઇજીની હાજરીમાં લોકદરબારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

# વ્યાજખોરોથી ડરો નહિં, ખુલ્લા પાડો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

તમને વ્યાજખોરો હેરાન કરતાં હોય તો તમે ગભરાયા વિના ફરિયાદ કરો, પોલીસ તેમની સામે કડક હાથે કાર્યવાહી કરશે તેમ વડોદરાના રેંજ આઇજી સંદિપસિંગે પાલેજ ખાતે આયોજીત લોક દરબારમાં જણાવ્યું હતું.

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા પાલેજ ખાતે કે પી એસ ઇન્ટરનેશનલ સ્કુલ ખાતે લોક દરબારનું આયોજન કરાયું હતું. જેમાં વડોદરાના રેંજ આઇજી સંદિપસિંગ, ભરૂચ એસપી ડો. લીના પાટીલ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહયાં હતાં. રાજયભરમાં વ્યાજખોરો સામે પોલીસ કાર્યવાહી કરી રહી છે ત્યારે પાલેજ તેમજ આસપાસના વિસ્તારના લોકોને પણ વ્યાજખોરોના ત્રાસમાંથી મુકત કરાવવા લોક દરબાર યોજાયો હતો. રેંજ આઇજીએ જણાવ્યું હતું કે, ભરૂચ જિલ્લામાં વ્યાજખોરો સામે એક જ દિવસમાં ચાર ફરિયાદ નોંધવામાં આવી છે અને આરોપીઓના ઘરે છાપા મારી સાહિત્ય પણ કબજે લેવાયું છે. કોઇ પણ વ્યકતિ વ્યાજખોરો વિરૂધ્ધ ફરિયાદ કરવા માંગતો હોય તે પોલીસ સ્ટેશન ખાતે આવી શકે છે. લોક દરબામાં સરકાર ના વ્યાજના ધારા ધોરણ મુજબ નક્કી કરેલાં વ્યાજ અંગે ની જાણકારી આપવામાં આવી હતી. પાલેજ, ટંકારીયા, નબીપુર, ઇખર સહિતના આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો હાજર રહયાં હતાં, ભરૂચ એસપી લીના પાટીલે પણ ઉપસ્થિત લોકોને સહયોગની ખાતરી આપી હતી. લોકદરબારમાં રજૂ થયેલાં પ્રશ્નોના નિરાકરણ માટે અધિકારીઓએ ખાતરી આપી હતી. વ્યાજખોરોથી ડર્યા વિના તેમને ખુલ્લા પાડવા જણાવાયું છે.



પાલેજ ખાતે લોક દરબારમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહયાં હતાં.

### રેતી ભરેલા વાહનો અંગે રજૂઆત કરાઇ

નર્મદા નદીના કિનારે આવેલાં નારેશ્વર તથા અન્ય ગામોની લીઝમાંથી નીકળતી રેતી ભરેલી ઓવરલોડ ટ્રકો અંગે પણ સ્થાનિકોએ રજૂઆત કરી હતી. રેતી ભરેલી ટ્રકો બેફામ રીતે હંકારાતી હોવાથી અન્ય વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહયાં છે. ફરિયાદોના સંદર્ભમાં એસપી લીના પાટીલે સ્થાનિક પોલીસને ત્વરિત કાર્યવાહી કરવા સુચના આપી હતી.

**DATE: 14/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### સોશિયલ મીડિયામાં યુવક સાથે પ્રેમ થયો હતો

# ભરૂચમાં ઘરેથી ભાગેલી તરૂણીનું કાઉન્સેલિંગ કરાયું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાની એક 17 વર્ષીય તરૂણીને ફેસબુકના માધ્યમથી એક યુવાન સાથે પ્રેમ થઇ જતાં તે ઘરેથી ભાગી ગઈ હતી.

ભરૂચ શહેરના બંબાખાના પાસેથી 181 માં એક મહિલાનો કોલ કરી જણાવેલ કે મારી દીકરી એક છોકરા સાથે પ્રેમ સંબંધમાં હોય અને તે તેની સાથે તેના ઘરે ભાગી ગયેલ છે. તેને સમજાવીને પાછી લાવવા માટે 181 મહિલા હેલ્પલાઈન ની મદદ માંગી હતી.જેમાં ઘટના સ્થળે 181 મહિલા હેલ્પલાઈન ની ટીમ પહોંચતા જોયું તો મહિલા ની દીકરી એ તેના પ્રેમી સાથે તેના ઘરમાં હતી.

મહિલા ની દીકરીનું કાઉન્સલિંગ કરતા જાણવા મળેલ કે તેમની ઉંમર 17 વર્ષ છે અને તે એક યુવક સાથે એક વર્ષ પેલા ફેસબૂકમાં વાત કરતા પ્રેમમાં પડ્યા હતા. મહિલાની દીકરી પ્રેમ સંબંધમાં ફસાતા હવે તે છોકરાના ઘરે ભાગી ગયેલ છે અને ઘરે પાછી આવવા માટે તૈયાર નથી અને જાણવા મળેલ કે યુવક નશો પણ કરે છે તો 181 નું ટીમ દ્વારા મહિલાની દીકરીનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. પણ મહિલાની દીકરી તેનાં ઘરે જવા માંગતી ન હોવા થી તેને સમજાવીને તેને સૂરક્ષિત જગ્યાએ સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય આપવામાં આવ્યો છે.

**DATE: 14/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચના શહેરના ફુરજા રોડની ઘટના : પોલીસે પીછો કર્યો હતો

# પોલીસને જોઈ બૂટલેગર દંપતી ભાગ્યું, કાર એંગલમાં ભટકાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની જંબુસર ચોકડીથી ફોરવ્હીલ કારનો પીછો કરી ભરૂચ એલસીબીએ બુટલેબર દંપતિને ઝડપી પાડ્યું હતું. એલસીબીએ બાતમીના આધારે કારનો ફિલ્મી ઢબે પીછો કરી 91 હજારના દારૂ અને કાર સાથે કુલ 3 લાખથી વધુના મુદ્દામાલ સાથે બુટલેગર દંપતીને ઝડપી પાડ્યું હતું. પોલીસે ત્રણ બુટલેગરોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ શહેરના ફુરજા વિસ્તારમાં નારીયેળી બજારમાં રહેતો સિદીકી કાસમ શેખ અને તેની પત્ની



વિદેશી દારૂનો જથ્થો ભરી પોતાના ઘરે આવી રહ્યાં છે તેવી બાતમીના આધારે ભરૂચ એલસીબીએ ફુરજા રોડ ઉપર વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળા ઈસમો પોલીસને જોઈ કાર યુ-ટર્ન કરી કાર જંબુસર ચોકડી તરફ હંકારી મૂકી હતી. પોલીસે કારનો ફિલ્મી ઢબે પીછો કરતા કાર જંબુસર ચોકડી નજીક લોખંડની એંગલ સાથે ભટકાઈ હતી. પોલીસે ફોરવ્હીલ ગાડીમાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની 385 નંગ બોટલ મળી આવી હતી.

**DATE: 14/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પતંગની દુકાનમાં પોલીસની કાર્યવાહી

# અંકલેશ્વરમાં ચાઈનીઝ દોરી સાથે વેપારી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસ મથકનો સ્ટાફે માહિતીના આધારે જીતાલી ગ્રીન સીટી પાસે આવેલા પતંગ સ્ટોર માંથી એક ચાઈનીઝ બોબીન અને એક ફિરકીમાં વિટાળેલી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી મળી આવી હતી. પોલીસે કુલ રૂ.1200 નો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ જિલ્લા કલેકટર દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ અને રાખવા પ્રતિબંધિત જાહેરનામું જાહેર કર્યું છે.તેમ છતાં વધારે રૂપિયા કમાવાની લાલચે કેટલાક વેપારીઓ ચાઈનીઝ દોરી લાવીને તેનું વેચાણ કરતા હોય છે.જોકે પોલીસ વિભાગ દ્વારા અનેક સર્ચ ઓપરેશન કરીને આવા લાલચી વેપારી પાસેથી ચાઈનીઝ દોરી નો જથ્થો ઝડપી કાયદેસરની કાર્યવાહી કરતા હોય છે. જેના અનુસંધાને અંકલેશ્વર તાલુકા પોલીસ મથકના પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો.ત્યારે માહિતી મળી હતી કે,જીતાલી ગામ નજીક આવેલા ગ્રીનસીટી પાસે આવેલા શ્રીજી પતંગ સ્ટોલ ઉપર ચાઈનીઝ દોરી નું વેચાણ થાય છે. જે માહિતીના આધારે પોલીસ સ્ટાફે તે સ્થળ પર રેઈડ કરીને તપાસ કરતા ત્યાં સ્ટોલમાં સંતાડીને રાખેલ એક ચાઈનીઝ બોબીન નંગ એક કિંમત રૂ.600 અને એક ફિરકી માં વીંટાળેલી દોરી જેની કિંમત રૂ.600.મળીને કુલ રૂ.1200 નો મુદામાલ.કબ્જે કરી આરોપી ફેઝલ નજમુદ્દીન ડાભીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 14/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### હાંસોટના લોક દરબારમાં અપીલ કરાઇ

# વ્યાજખોરોના આતંક સામે લોકો આગળ આવે : પોલીસ



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

હાંસોટ સર્કલ પોલીસ ચોકી ખાતે વ્યાજખોરો ને અંકુશમાં રાખવા માટે લોક દરબાર નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વ્યાજખોરો નાં દુષણ ને ડામવા માટે હાંસોટ પોલીસ સ્ટેશન ના પી. આઈ. વાઘેલા ના અધ્યક્ષ સ્થાને લોક દરબાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો દરમિયાન પી. આઈ. વાઘેલા એ વિનંતિ કરી હતી કે વ્યાજખોરો જેવી કોઈ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકો હોય કે કોઈ કેસ સામે આવે તો પોલીસ નું ધ્યાન દોરો કે જાણ માં લાવો તો પોલીસ આવા કૃત્યો કરનારા સામે કડક કાર્યવાહી કરી શિક્ષાત્મક પગલાં ભરશે. અને આવનાર મકરાસક્રાંતિ જેવા તહેવાર ને ધ્યાને લઈ બંને કોમો નાં લોકો ભાઈચારા અને શાંતિ થી તહેવાર ની ઉજવણી કરે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી